# ઈસુ શેતાનથી મજબુત હોઈ તેના લોકોને શેતાનના જુલમોથી છોડાવે છે.

### બાળકોને શીખવનાર D2b અભ્યાસ વાંચે

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ આકાશમાંથી જગત પર તમે રાજય કરો છો જેઓ તમારી તરફ ફરીને મંડળીમાં જોડાયા છે તેઓને દુષ્ટાત્માઓથી છોડાવી તમારો પ્રેમ અને શકિત દેખાડવા કૃપા કરો.

લોકોની જરૂરિયાત પ્રમાણેની પ્રવૃતિઓ પસંદ કરો.

**૧. ઈસુના નામમાં શેતાની જુલમ સહેતા લોકોની સાથે વ્યવહાર કરવા પ્રાર્થનાથી અને વચન વડે તમે પોતાને તૈયાર કરો.**

**નોધ :** જયારે એક વ્યક્તિની પર શેતાન જુલમ ગુજારે છે, પવિત્ર શાસ્ત્ર કહે છે તે વ્યકિતમાં શેતાન જે દુષ્ટઆત્મા અથવા અશુદ્ધ આત્મા કહેવાય છે તે હોય છે.પ્રભુ ઈસુ શારીરિક અને આત્મિક બંને પ્રકારના રોગ મટાડી શકે છે. અશુદ્ધ માણસ પર જુલ ગુજારી શકે અથવા તેની પાસે વિચિત્ર વર્તન કરાવી શકે પરંતુ બાઈબલના સાચા ભાષાંતર મુજબ કોઈ પણ વ્યક્તિના આત્મા પર તે કબ્જો કે માલિકી હક્ક જમાવી શકે નહિ.

લોકોનો શેતાનથી કેવી રીતે છુટકારો કરવો તે ઈસુએ તેના શિષ્યોને બતાવ્યું **માત્થી ૧૫:૨૨-૨૮** માંથી ઈસુએ વિદેશી બાળાને શેતાનથી કેવી રીતે છુટકારો અપાવ્યો તે જાણો.



- પોતાની પુત્રી માટે કોણે મદદ માંગી ? (૨૨મી કલમ જૂઓ)
- શેતાન તે બાળાને શું કરતો હતો ?
- ઈસુના શિષ્યોએ તે સ્ત્રી માટે ઈસુને શું કરવા કહ્યુ ? (૨૩)
- તે સ્ત્રી ન્યાયી અને મદદ મેળવવા લાયક હતી ?(૨૩-૨૭)
- માની કઈ વાતને લીધે ઈસુએ આદેશ કર્યો ? (૨૮)
- સ્ત્રીને ઈસુએ શાની ખાત્રી આપી ?
- બાળાને સાજી થવામાં કેટલો સમય લાગ્યો ?

**માત્થી ૧૭: ૧૪-૨૧** માંથી જાણો કે એક યહુદી બાળકને ઈસુએ શેતાનથી કેવી રીતે છોડાવ્યા



- પોતાના બાળક માટે કોણે ઈસુની મદદ માંગી ? (કલમ -૧૪ જુઓ)
- શેતાના બાળકને શું કરતો હતો ?(૧૫)
- બાળકને માટે ઈસુના શિષ્યો શું કરવામાં નિષ્ફળ નિવડયા? (૧૬)
- કયા લોકોને દુષ્ટ આત્માઓ હેરાન કરે છે ? (૧૭)
- ઈસુએ શેતાનને શું કરવા કહ્યું ? (૧૭ અને ૧૮)
- શા માટે ઈસુના શિષ્યો ભૂતને ન કાઢી શકયા ? (૨૦)
- આપણે ભુત (દુષ્ટ આત્મા) ને કાઢવા શુ કરવુ જોઈએ ? (૨૧)

**લુક ૧૦: ૧૭-૨૦** માંથી શેતાનને તાબે કરવા વિષે .

ઈસુના શિષ્યો શું શીખ્યા તે જાણો.

- કોની સત્તાથી (કોના નામથી) લોકોમાંથી ભૂતો કાઢવા શિષ્યો સક્ષમ બન્યા ? (કલમ-૧૭ જુઓ)
- ઈસુએ શિષ્યોને કયો અધિકાર હોવા વિષે વર્ણવ્યું ? (૧૮)

- કોણ શકિશાળી છે, શિષ્યો કે દુષ્ટાત્માઓ ? (૨૦)
- કેવું સત્ય અનુયાયીઓને ભૂતો ઉપર અધિકાર પામવા કરતા વધુ આનંદ આપે છે ?

ઈસુના શિષ્યોએ લોકોને ભૂતોથી છોડાવે **પ્રે.કૃત્યો ૧૬: ૧૬-૧૯** માંથી પ્રેરિતોએ પાઉલ અને સિલાસે બાળામાંથી ભૂતને કેવી રીતે ભગાડયું તે શોધો.



- કેવા પ્રકારનો આત્મા બાળાને સતાવતો હતો ? (૧૬મી કલમ જુઓ)
- લોકો બાળાનુ કેવી રીતે શોષણ કરતા હતા ?
- પાઉલ અને તેના સાથી વિષે આત્માં જાણતો હતો ? (૧૭)
- બાળાને  આત્માથી પાઉલે કેવી રીતે છોડાવી ? (૧૮)
- બાળાને છોડતાં આત્માને કેટલીવાર લાગી ? (૧૮)
- બાળાના માલિકોએ શું કર્યુ ? (૧૯-૨૧)



**પ્રે.કૃ.૧૯: ૧૧-૨૦ માંથી** જાણો કે પાઉલ પ્રેરિતે આત્માથી સમાજને કેવી રીતે મુક્ત કર્યો.

- ભૂતો ઉપર પાઉલનો કયો અધિકાર હતો ? (ક.૧૧-૨૨ જુઓ)
- અવિશ્વાસીઓએ ઈસુને નામે ભૂતકાઢવા પ્રયત્ન કર્યો ત્યારે શું બન્યુ? (૧૩-૧૬)
- ભૂતોને ભગાવવા કોનું નામ લેવું ?(૧૭)
- લોકોનો ભૂતોથી છુટકારો થાય ત્યારે તેમના જાદુ અને જાદુઈ વસ્તુઓનુ શું કરવું જોઈએ ? (૧૮-૧૫)
- જયારે આપણે લોકોને ભૂતથી છોડાવીએ છીએ ત્યારે આપણે કેવા સંદેશાના ભાગીદાર બનીએ છીએ ? (૨૦)

**૨. આગમી અઠવાડિયાની પ્રવૃતિઓની સાથી કાર્યકરો સાથે યોજના કરો.**

- કેવા આત્માઓ લોકોને તકલીફમાં મુકે છે તેની ચર્ચા કરો.
- તમારા સાથી કાર્યકરો અથવા અનુયાયીએ પ્રભુ તરફી માર્ગદર્શન મેળવી અશુદ્ધ આત્માઓથી પીડાતો હતો તેવાનો પ્રાર્થનાથી છુટકરો હોય તેવાને ઓળખો
- સાથે મળી પ્રાર્થનામાં પ્રભુને માર્ગદર્શન આપવા કહો કે જેઓ શેતાની જુલમમાંથી છૂટવા ચાહતા હોય તેમને માટે પ્રાર્થના કરી શકો.
- અનુભવી ખ્રિસ્તી કાર્યકર સાથે નક્કી કરી આવા શેતાની જુલમોથી છોડાવેલા લોકો વિષે તેમના અનુભવ કહે.
- જે ટોળાની મુક્તિ માટે તમે પ્રાર્થના કરવાના હો તેમને કેવી રીતે સુવાર્તા આપશો તેની તૈયારી કરો.
- ભૂતો ભગાડવાનું જાહેર પ્રદર્શન કરવાને બદલે જાહેરમાં સુવાર્તા પ્રચાર કરો અને જરૂરિયાતમંદની મુક્તિ માટે કાર્ય કરો.

**૩. આગમી ભજન સેવા માટે સાથી કાર્યકરો સાથે આયોજન ગોઠવો.**

ઈસુએ અને તેના શિષ્યોએ લોકોને સેતાની જુલમોથી છોડાવ્યા હોઈ, તે વાર્તાઓ વાચો અથવા મોઢે કહો. ભાગ ૧ની વાર્તા કહો તો તેજ પ્રશ્નો પૂછો.

- ભૂતોથી મુક્ત થયેલાને સાક્ષી આપવા દો આ કાર્યમાં કેટલાક સત્યો જણાવો.
- મોટા ભાગની માંદગી ઈશ્વરની રજાથી આવે છે પણ ભૂતો કે શેતાન તરફથી આવતી નથી.
- લોકોનુ પાપી વર્તન હૃદયમાંથી આવે છે, ભૂતોથી નહિ
- શેતાન અને ભુતો ઈશ્વર કરતાં વધારે શકિત ધરાવે તેવો ભય લોકોના હૃદયમાં ઘાલીને છેતરપીંડીં કરે છે.
- શેતાની જુલમોથી લોકોને છોડાવવા બધાજ ખ્રિસ્તીઓને પ્રાર્થના કરવા માટે અધિકાર છે
- જયારે ભૂતો આપણા સુવાર્તાના શિક્ષણનો વિરોધ કરે ત્યારે તેમને નીકળવાનો આદેશ કરવો જોઈએ.

બાળકો જે તૈયાર કરી લાવ્યા હોય તે રજુ કરો.

પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પાળવા યોહાન ૧૩ઃ ૨૧-૨૭ વાંચો સૌથી પવિત્ર પ્રભુ ભોજન વખતે શેતાન યહુદામાં પેઠો અને કપટથી તેણે રોટલી ભાંગી.

બે અથવા ત્રણ વ્યકિતઓના જુથ રચો એકબીજાને પ્રોત્સાહન આપો અને આયોજન કરો.

બધા સાથે માત્થી ૮ઃ૧૬ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net